સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

વાવે છે કંકાસનાં બીજ અને સ્વાર્થ લણાવે છે,
કાપી સંબંધો જૂના સાથે રાખવાનું જણાવે છે,
ચણાવે મહેલ મહત્ત્વાકાંક્ષાના પક્ષના પાયા ખોદી
સૌમ્યતાનું કરે લીંપણ બનાવે સૌને મનાવે છે
(આશીર્વાદ ની ઉઘરાણી)

હાઈકુ

આસ્થા ના પૂરે
તણાઇ જિંદગીઓ -
રડે છે શ્રદ્ધા

ભાંગ્યો ભરોસો,
શ્રદ્ધાળુ યાત્રિકોનો -
ડૂબ્યો વિશ્વાસ..

ચિંતન

વને રણે શત્રુ જલાગ્નિ મધ્ય મહાર્ણવે પર્વત મસ્ત કેવા ।
સુપ્તં પ્રમત્તં વિષમ્ સ્થિતં વા રક્ષન્તિ પુણ્યાનિ પુરાકૃતાનિ ॥

આ જન્મમાં જ નહીં પણ પૂર્વ જન્મોમાં પણ કરેલ સત્કાર્યો - પૂણ્યકાર્યોનાં ફળ આ જન્મમાં આવતી કોઇ પણ વિકટ પરિસ્થિતિમાંથી પણ ઉગારી લેવામાં સહાયભૂત થાય છે એમ આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે :

'જગલમાં - ઘનઘોર વનમાં - યુદ્ધમાં, શત્રુઓમાં, જળ અને અગ્નિમાં, કે મહાસાગરમાં કે પર્વતની ટોચ પર, જાગતા કે સૂતેલા - અર્ધજાગૃત-અસાવધને પણ કોઇ પણ તકલીફ-મુશ્કેલીમાં મૂકાયેલાં પુરૂષને પૂર્વ જન્મમાં કરેલાં સત્કાર્યો-પૂણ્યકાર્યો-ઢાલ બનીને રક્ષણ આપે છે.'

એમ કહેવાય છે કે દાન-પુણ્ય કે ધર્મના સત્કાર્યો ઇશ્વર દસ ગણાં કરી તેનાં ફળ પાછાં આપે છે - એટલે દુરાચાર-પાપ-ન કરવા પરંતુ સત્કાર્યો કરવાં - સત્કાર્યો મૃત્યુ પછી પણ અનેક જન્મોમાં પણ તેનાં મીઠાં ફળ આપે છે. ચિત્રગુપ્તને ચોપડે નાનામાં નાનાં સત્કાર્ય કે દુષ્કૃત્યની નોંધ થાય છે.

ઘણીવાર આપણને અનપેક્ષિત મદદ મળી જાય ત્યારે આપણે 'ઇશ્વરની કૃપા' સમજીએ છીએ એ ખરેખર તો પૂણ્યના ફળ જ છે.

સુવિચાર

- સંપૂર્ણ વિશ્વાસ રાખે એ જ વ્યક્તિ સંપૂર્ણ વફાદારીની માંગણી કરી શકે- **સ્પેનીશ કહેવત**
- માણસે જીંદગીની સફરમાં વિસામો અને મંઝીલ વચ્ચેનો ફરક ખ્યાલમાં રાખવો જરૂરી છે. ઘણી વખત આપણે વિસામાને મંઝીલ સમજી ત્યાં જ રોકાઇ જઇએ છીએ, પછી મંઝીલ એક અફસોસ બનીને જ રહી જાય છે **- રોબિન શર્મા**
- તમે અપમાન કરવાના ઇરાદાથી હસો છો તો હાસ્ય એ પાપ છે- **શાહબુદ્દીન રાઠોડ**
- કવિ જ્યારે કવિતા લાખે તેટલી જ વાર કવિ હોય છે, તેમ ચોવીસ કલાક કવિ રહેનારા મહાન કવિઓ દ્વારા જ ઉપનિષદો, કૂરાન, ગીતા, બાઇબલ રચાયા છે **- ઓશો**
- 'ધ્યાન' કેવળ તેમને જ સંભવે છે કે જેઓ પરિણામ લક્ષી નથી **- શિવાનંદ**
- સમય ક્યારેક ગોદ આપે અને ક્યારેક આપે દગો, સમય કોઇનો નથી સગો

- માનસ સૂત્ર

બોધ કથા

ક્યારેક શરમમાં-સંકોચમાં આપણે કોઇને જે કંઇ કહેવાનું હોય તે 'યોગ્ય સમયે' કહી નથી શકતાં અને એનું દુઃખ-મનભાર આપણને જિંદગીભર વેઠવો છે. માત્ર પ્રેમીઓને આવું થાય છે એમ નથી કોઇને સ્પષ્ટ 'ના' કહેવામાં, 'હા' કહેવામાં - કૌટુંબિક બોલચાલમાં 'સંભળાવી દેવામાં', આપણે ઢીલાં પડીએ છીએ, સમયસર તક મળે - તેનો ઉપયોગ કરી લેવો જોઇએ.

એક બંદર પર એક જહાજમાં લાખોનો માલ ભરાઇ ગયો - રવાના થવાનું હતું. પણ મશીન ચાલુ જ ન થાય. જહાજના ઇન્જીનીયર મહેનત કરી કરી થાક્યા - કેપ્ટન પાસે જઇ હાથ ધોઇ નાખ્યા.

કેપ્ટનને ચિંતા હતી ડેકનું ભાડું ચઢતું હતું અને માલ પહોંચાડવાની ઉતાવળ હતી. કોઇ સારા મેકેનિકની શોધ ચલાવી.

એક વૃદ્ધ હાથમાં હથોડી લઇ આવ્યો. ઇન્જીન રૂમમાં જઇ નિરીક્ષણ કર્યું. અંતે એક જગ્યાએ હથોડીથી જોરદાર ફટકો માર્યો. ઇન્જીન ચાલુ થઇ ગયાં.

બીલ આપ્યું. દસ હજાર ડોલર. કેપ્ટન કહે એક હથોડી મારવાનો ચાર્જ એટલો બધો?!

વૃદ્ધ મેકેનીક કહે - હથોડી ક્યારે, કઇ જગ્યાએ મારવી એ નક્કી કરવાનો ચાર્જ છે.

કેપ્ટને કાન પકડી, સ્વીકાર કર્યો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

સાહિત્યક્ષેત્રે વિશિષ્ઠ અને નોંધપાત્ર પ્રદાન કરનાર, ૧૮ થી ૩૫ વર્ષના યુવા સાહિત્યકારોને યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનવામાં આવશે

સમાચાર સેતુ

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા યોજનાકીય જાહેરાતમાં :

● કાર્યક્રમ પરિસંવાદ યોજવા માટે સાહિત્યિક/શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપવા અંતર્ગત સાહિત્યના વિવિધ વિષયો પર, કાર્યક્રમનાં વાસ્તવિક ખર્ચના ૭૫ % અથવા રૂા. ૫૦,૦૦૦ એ બેમાંથી જે રકમ ઓછી હોય તે આર્થિક સહાયરૂપે, વર્ષ ૨૦૧૩-૧૪ માટે આપવામાં આવશે, જે માટે રજીસ્ટર્ડ સંસ્થાએ પોતાના લેટરપેડ પર અકાદમીને યોજનાના આવેગનપત્ર/પ્રસ્તાવ તા. ૩૧-૮-૨૦૧૩ સુધીમાં મોકલી આપવાનાં રહેશે.

● સાહિત્યક્ષેત્રે વિશિષ્ઠ અને નોંધપાત્ર પ્રદાન કરનાર, ૧૮ થી ૩૫ વર્ષના યુવા સાહિત્યકારોને યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનવામાં આવશે; જેમાં રૂા. ૫૦,૦૦૦/-, શાલ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવશે. આ અંગેના નામોની ભલામણ સાહિત્યકારો અને સંસ્થાઓએ મોડામાં મોડા અકાદમીને તા. ૩૧-૮-૨૦૧૩માં સુધીમાં કરવાની રહેશે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ''એનીબહેન સરૈયા લેખિકા નિધિ'' અંતર્ગત, મહિલાઓ માટે લઘુ નાટ્યલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટક ધો-૮ થી ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓ ભજવી શકે તેવાં, મૌલિક અપ્રકાશિત હોય તેવાં તા. ૧-૭-૨૦૧૩ સુધીમાં ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી આપવાનાં રહેશે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

કાવ્ય સેતુ : શક્તો નથી

નીકળ્યો છું લાંબી વાટે, બે ડગ પણ ભરી શકતો નથી!
તમન્ના આકાશ આંબવાની, ફૂદકો મારી શકતો નથી!
જગભાર વહનની ખેવના, સ્વને ઊંચકી શકતો નથી!
ખીલતી વસંતની ચાહના, સ્હેજ મલકી શકતો નથી!
મઘમઘતા સંસાર સ્વાદને ગળે ઉતારી શકતો નથી!
ગુલાબ કળીશા અધરોને ચુંબનો ચોંડી શકતો નથી!
બાહુપ્રસારી આલિંગવા આતુર, તેને ભેટી શકતો નથી!
મનસૂબા મનમાં ઢબૂરાયા, હકીકતમાં ઢાળી શકતો નથી!
ધૂમ્રછાયા આ આકાશને, ફૂંકે સ્વચ્છ કરી શકતો નથી!
અરણ્યે ઘોર અંધકાર; જયોત્સનામાં ઝબોળી શકતો નથી!
પ્રકાશપૂંજ બન્યો છે દોહ્યલો, અંધકાર ઉલેચી શકતો નથી!
વેદનાઓ વેઠી સૂકેભંઠ થયો, સંવેદના જગાવી શકતો નથી!
અભરખા ખૂટ્યા જીવવાના, દેહ ફંગોળી શકતો નથી!
દધિ ઉછળતો આડંબરે, ગગન આંબી શકતો નથી! **- મૂળજીભાઇ પરમાર**

આમ્રમંજરી

આમ્રકુંજ દીઠી મંજરી મ્હોરી બેફામ,
મન પુલકિત થયું સ્થિર મારૂં ચિત્ત.
મગન થયો હું, તું પણ થઇ મુગ્ધ,
આનંદ પામ્યાં હૈયા હાલ્યા ભરી હામ.
પ્રેમ સભર વા વાયો પર્ણોની હલચલથી.
મઘમઘતી સુગંધ ખેંચાઇ ભમર ગુંજનથી,
વ્હાલમની નિખરતી બંસી સુરતાલથી
પામ્યાં અનાહત નાદ અંતર થયું મિષ્ટી.
સત્યનાં સ્પંદનો જગતમાં ફોરતાં,
શોધવા મથતા શ્રેયાર્થીઓ થઇ શાણા.
આધાર વેદપુરાણોનો ખેપતા વહેતા.
તેજ પ્રકાશ હૃદય ધબકારને પાંમતા.
મંજરી થઇ કેરી ખટમીઠ્ઠી પછી રસાળ,
સુંદર, સુગંધી પ્રકૃતિ રળિયાત રસીલી,
કરતી તનમન મધમીઠું સૌનું પ્રેમાળ,
થાતી સત્ય પ્રેમ કરૂણાનું પિયુષ નિર્મળ. **- સુમંતભાઇ મં. શાહ**

આગિયાનાં અજવાશે

મને ફૂક અંગારે મારીને સળગવામાં રસ છે,
ફૂલોને સુવાસે મહેંકીને સળગવામાં રસ છે.
સૂરજ અંધારા ફેલાવે,
ને પડદે બાંધે અંધારા,
ચાંદો અજવાળાં ફેલાવે,
ને ગાંઠે બાંધે અંધારા.
ચામાચિડીયાને નિશાએ વડલાંપાને લટકવામાં રસ છે,
મને ફૂક અંગારે મારીને સળગવામાં રસ છે.
કાગળો જૂના ત્રાજવાને તોલે,
તોલના કાંટલા તોલે થવાને,
આગિયો પ્રેમે ભીંતરને મહાલે,
બહારે મોજે મહાલે કાચબોને
પંખીડાંને ઝાકળે જમીને ઉડવામાં રસ છે.
મને ફૂક અંગારે મારીને સળગવામાં રસ છે
કોરાં પાણામાં ફૂટે પાણી,
સળગે પાણીને પાંગરે પરપોટા;
ભીનાં રણમાં ફૂટે ધાણી,
સળગે હવાને પાંગરે ગલગોટા.
માલમને વહાણકાણે મધદરિયે તરવામાં રસ છે,
મને ફૂક અંગારે મારીને સળગવામાં રસ છે.

- બાબુલાલ એમ. વણઝારા

રડતા હશે લાખો

હવે તો આંખનો આ ચંદ્રમા તો થઇ જશે ઝાંખો;
પછી રડતી હશે તારા વિરહમાં વ્હાલની આંખો.
કરે છે પુત્રના ખોટા વખાણો માવતર થઇને;
હળાહળ આ કલિકમાં અધિ ધૃતરાષ્ટ્ર છે લાખો.
હવે તો વ્હાલના દરિયાને પાસે વ્હાલથી રાખો;
ઉડીએ એક'દિ જાશે કે જયારે આવશે પાંખી.
તમે તો રંગમહેલોમાં રહિને છોને આળોટો;
કદિ તો રાંકની ઝૂંપડીએ જઇને સ્વાદ તો ચાખો.
જીવનમાં શ્વાસ ચાલ્યો ત્યાં સુધી આંસુ પડાવ્યાં તા;
નનામી કાઢશે ત્યારે અહિ રડતા હશે લાખો. **- મહેન્દ્ર રાઠોડ**

ન મળ્યો એકે કડિયો?

ન મળ્યો એકે કડિયો
અનાથ બાળક પેઠે જાતને, અણઘડ સરીખો ઘડીયો...
ન મળ્યો...
અપંગને ઉડી વળગે ભભૂતિ,
કોણ નવરાવે નિરે?
ભલું થજો એ ભાગિરથીનું,
જળ વહાવે શિરે...
ચાક-ધંતૂરો ચાવી ખાતા, અક્કરમીનો કાણો પડિયો (અભાગી)
ન મળ્યો...
મા તણી નહીં શીખ જીવનમાં,
ના બાપ કરો બે બોલ.
જગ કલ્યાણ વિષ પચાવ્યું
કોઇ ન નિલકંઠ તોલ
સ્મશાને સમરે રામજી ત્યાં તો, નારદ આવી નડીયો...
ન મળ્યો...
સાજ નહીં શણગાર નહીં,
છે બીલીપત્રની માયા.
બ્રહ્માંડે પણ હતી શૂન્યતા.
એ પૂર્વે ઘડી કાયા.
સોળ શણગાર સજયાં ઉમિયાએ, ભોળાને ત્રિશુળ સળિયો...
ન મળ્યો... **- ગિરા પિનાકીન ભટ્ટ**

ઇ-રિટર્નના કારણે સ્ક્રૂટીની સિવાય ટ્રસ્ટે ઇન્કમટેક્સનો સંપર્ક કરવાનો રહેશે નહિ, ટ્રસ્ટનાં રિટર્ન ઝડપથી પ્રોસેસ થશે, એટલે રિફંડ અટવાશે નહિ અને રિફંડ પણ સમયસર મળી જશે

આ વર્ષે ઇન્કમટેક્ષ વિભાગે ચેરિટેબલો ટ્રસ્ટો દ્વારા ભરવામાં આવતાં વાર્ષિક રિટર્ન ફાઇલ કરવાની પદ્ધતિમાં મહત્ત્વનાં સુધારા કરેલ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સીસે તા. ૧૧ જુન ૨૦૧૩ના રોજ બહાર પાડેલ નોટીફીકેશન પ્રમાણે ચેરીટેબલ ટ્રસ્ટે પોતાનું ઇન્કમટેક્સ રિટર્ન ઇ-ફાઇલ કરવું પડશે. આ સાથે જ ટ્રસ્ટે ફાઇલ કરવાનાં વાર્ષિક ઓડિટ રિપોર્ટ પણ ઇ-ફાઇલ કરવાનાં રહેશે.

કલમ ૧૩૯ (૪-એ) અન્વેય, જો પાછલા વર્ષ દરમિયાન કુલ આવક (કલમ ૧૧ અને ૧૨ હેઠળ કરમુક્તિની જોગવાઇઓને ધ્યાનમાં લીધા સિવાય) આવકવેરા કાયદા હેઠળની નિયત કરમુક્તિ મર્યાદાથી વધતી હોય તો તે સંજોગોમાં આવા ટ્રસ્ટ માટે આવકવેરા ભરવાનું ફરજિયાત છે. જાહેર ટ્રસ્ટ માટે રીટર્ન ફોર્મ નં. ITR-7 ભરવાનું હોય છે અને તેમનું આવકવેરા રીટર્ન ભરવા માટેની નિયત સમયમર્યાદા તા. ૩૦મી સપ્ટેમ્બર રાખવામાં આવી છે. ત્યાર સુધી ITR-7 ફક્ત પેપર ફોર્મમાં ભરી શકાતું હતું. એટલે જો કોઇ ટ્રસ્ટ ઇચ્છે તો પણ ઇ-રીટર્ન ભરવાની કોઇ સુવિધા ન હતી. જયારે બીજા બધા કરદાતાઓ માટે ઇ-રીટર્ન ફોર્મ આવી ગયા હતા. પણ હવેથી ઇન્કમટેક્સ વિભાગે ગુજરાતના ઇન્કમટેક્સમાં નોંધાયેલા ૧૦ હજાર જેટલાં ચેરિટેબલ ટ્રસ્ટો માટેનું ઇ-રીટર્ન આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ થી ફરજિયાત બનાવી દીધું છે. ગત નાણાંકીય વર્ષનું ચાલું વર્ષે ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં ભરવાનું થતું રિટર્ન ફરજિયાત ઇલેક્ટ્રોનિક ફાઇલ કરવાનું રહેશે. ટ્રસ્ટે ઇન્કમટેક્સની વેબસાઇડ પરથી પોતાનું ફોર્મ ૭ ડાઉનલોડ કરીને તેમાં જરૂરી વિગતો ભરીને અપલોડ કરી દેવાનું રહેશે. જેનું પ્રોસેગીંગ બેંગ્લોર ખાતે આવેલાં સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટરમાં થશે.

ચેરિટેબલ ટ્રસ્ટ માટે ઇન્કમટેક્સ ઇ-રિટર્ન ફરજિયાત બનાવાયું

- અજીતસિંહ શેખાવત (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

હાલ કાગળ રિટર્ન ઇન્કમટેક્સની ઓફિસમાં ફાઇલ કરવાનાં કારણે જે મુશ્કેલીઓ થતી હતી તેમાંથી ટ્રસ્ટોને આખરે રાહત મળશે. રિટર્ન પ્રોસેસ સમયે થતો વિલંબ અને બિનજરૂરી કાગળો મંગાવીને ટ્રસ્ટને હેરાન કરવાની ફરિયાદોનો હવે અંત આવશે. આ ઇ-રિટર્નના કારણે સ્ક્રૂટીની સિવાય ટ્રસ્ટે ઇન્કમટેક્સનો સંપર્ક કરવાનો રહેશે નહિ. ટ્રસ્ટનાં રિટર્ન ઝડપથી પ્રોસેસ થશે. એટલે રિફંડ અટવાશે નહિ અને રિફંડ પણ સમયસર મળી જશે. ટ્રસ્ટ આપોઆપ રિટર્ન બેંગ્લોર ખાતે આવેલાં સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટરમાં પ્રોસેસ થઇ જશે.

આ સાથે થયેલા બીજા મહત્ત્વનાં સુધારા મુજબ ટ્રસ્ટોએ તેમનો ઓડિટ રિપોર્ટ પણ ઇ-ફાઇલ કરવો પડશે. કલમ-૧૨ એ હેઠળ જો હિસાબી વર્ષ દરમિયાન ટ્રસ્ટની કુલ આવક (કલમ-૧૧ અને ૧૨ હેઠળ કરમુક્તિની જોગવાઇઓને ધ્યાનમાં લીધા સિવાય) નિયત કરમુક્તિ મર્યાદાથી વધતી હોય તો હોય, તો ટ્રસ્ટના હિસાબો ઓડિટ કરાવવા જોઇએ.

તેમજ આ સંબંધી ફોર્મ નંબર ૧૦-બીમાં ઓડિટ રીપોર્ટ તૈયાર કરાવી, તેને આવકરવેરા રીટર્ન સાથે સામેલ કરવો જોઇએ. અત્યાર સુધઇ આ ફોર્મ પણ ફીઝીકલી ફાઇલ થતું હતું, જે હવેથી ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા ઓનલાઇન ફાઇલ કરવું પડશે.

આનાથી ટ્રસ્ટોની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ પર નિર્ભરતા વધી જશે. અત્યાર સુધી જે ચાર્ડ એકાઉન્ટરો ટ્રસ્ટનાં ઓડીટ રિપોર્ટ ને ગંભીરતાથી ન હતા લેતા તેઓએ સમયસર ઓડિટ બનાવી ઇ-ફાઇલ કરવું પડશે.

અહીં એ યાદ રાખવું જરૂરી છે કે ફરજિયાત રીટર્ન ભરવાની આ જવાબદારી અદા નહિં કરનાર ટ્રસ્ટ કે સંસ્થાને કલમ ૨૭૨ એ હેઠળ કસૂરવાર ગણવામાં આવશે અને આ કસૂરના પ્રત્યેક દિવસ દીઠ રૂા. ૧૦૦ના માટે જવાબદાર ગણવામાં આવશે.

- ajeets.ca@gmail.com

સંમોહિત વ્યક્તિ ના પોતાના આંખોથી જુએ છે કે ના પોતાના કાનોથી સાંભળે છે, તો પણ તે એક જાગૃત વ્યક્તિની જેમ ખૂબ જ સ્પષ્ટ રીતે જુએ છે અને સાંભળે છે

જે અદ્‌ભૂત કામો આપણે ચેતન-અવસ્થામાં નથી કરતી શકતા, એને આપણે સંમોહિત અવસ્થામાં ખૂબ જ સહજતા અને સરળતાતી કરી શકીએ છીએ. એથી એ સાબિત થાય છે કે અદ્‌ભૂત કાર્યો કરવાની શક્તિ આપણી અંદર છુપાયેલી સમાયેલી છે, પરંતુ આપણે ક્યારેક એનો ઉપયોગ કરવાનો પ્રયત્ન જ નથી કર્યે. જયારે આપણે સંમોહિત અવસ્થામાં હોઇએ છીએ ત્યારે સંમોહન આપણી આ છુપાયેલી શક્તિઓને શોધી કાઢે છે અને એની ઇચ્છા પ્રમાણે આપણને એ પ્રમાણે કરવા માટે જ ફરજ પાડે છે.

સંમોહિત અવસ્થામાં આપણી કોઇ ઇચ્છા નથી હોતી, પરંતુ જયારે તમે તમારા મગજનો ઉપયોગ કરો છો, ત્યારે તમારા પર કોઇ સંમોહન થતું નથી. એ સમયે તમે તમારી મરજીના માલિક હો છો. એટલે તમે એ જાણવાનો પ્રયત્ન કરો છો કે તમે તમારી આ ગુપ્ત શક્તિઓનો પ્રયોગ તમારા હિતમાં, તમારી ઇચ્છા પ્રમાણે કેવી રીતે કરી શકશો?

અહીં અમે એક ઉદાહરણ આપીને જણાવવા માગીએ છીએ કે સંમોહિત અવસ્થામાં કેટલાંક ચમત્કારી કાર્યો કેવી રીતે કરી શકાય છે. એક રશિયન મનોવૈજ્ઞાનિકનું કહેવું છે કે તે એનાં પાત્રોમાં સંમોહિત કરી વધુ પ્રમાણમાં દારૂ પાઇ દેતો હતો અને એમને એ સૂચન કરતો હતો કે એમના પર દારૂનો કોઇ નશો ચઢશે નહીં અને એમની ઉપર ના તો સંમોહિત અવસ્થામાં નશાની અસર થતી હશે કે ના એના પછી.

પોઝિટિવ થિન્કિંગ

સંમોહિત અવસ્થાનાં કાર્યો

- યશવંત કડીકર

એક વૈજ્ઞાનિક નિકલ્સને અનેક પ્રયોગો કર્યા પછી એ નિયોડ કાઢયો હતો કે સંમોહનની નિદ્રામાં વ્યક્તિઓની કાર્ય કરવાની શક્તિ અમર્યાદિત થઇ જાય છે.

એક બીજા વૈજ્ઞાનિક પી.સી. યંગે આ પ્રયોગોનું પુનરાવર્તન કર્યું અને એમને એ જાણીને સંતોષ થયો કે સંમોહિત વ્યક્તિની માંસપેશીઓની શક્તિ એનાથી વદુ નથી હોતચી, જેટલી એની જાગ્રત અવસ્થામાં હોય છે. યંત્ર દ્વારા કાઢવામાં આવેલ આ નિયોડની અસર નિકલ્સનના નિયોડ પર નથી પડતી, કારણ, સંમોહનની બધી અસર પ્રત્યક્ષ રૂપે સંમોહનકર્તાના વર્તન પર આધાર રાખે છે.

નિકલ્સનના પાત્રો જાણે છે કે એમનો સમોહનકર્તા એમની પાસેથી એ આશા રાખે છે કે તે સંમોહિત અવસ્થામાં જ માંશપેશીઓની વધેલી શક્તિઓનું પ્રદર્શન કરે અને એટલા માટે તેઓ એમ કરતાં હતા કે એમને કોઇ એવી કોઇ વધેલી શક્તિ બતાવતી નથી, એટલા માટે તેઓ એનું પ્રદર્શન કરતાં ન હતા.

શારીરિક રીતે દુર્બળ, પરંતુ શ્રેષ્ઠ પાત્રોએ પણ અદ્‌ભૂત સાહસિક કાર્ય કરી બતાવ્યાં છે. પ્રયોગકર્તાના જણાવ્યા પ્રમાણે એવું પાત્ર બે ખુરશીઓ વચ્ચે પથારી પર સૂતું હોય એમ સૂઇ જાય છે. એમની એડી એક ખુરશી પર અને માથું બીજી ખુરશી પર હોય છે. એક ભારેખમ માણસ એની છાતી પર બેસી જાય છે અને પેલું પાત્ર એ વખતે ગીત ગાતું રહે છે.

એક ડોકટર જેન નામની એક યુવતીને સંમોહિત કરીને કંઠિન રોગોનું નિદાન કરતા હતા. પરિણામ આશ્ચર્યજનક આવતાં હતા.

એક વાર જેને કાનના આંતરિક ભાગની ખૂબ જ બારીકાઇથી તપાસ કરતાં બહેરાપણા વિશે નિદાન કર્યું હતું એણે જણાવ્યું હતું કે અસાધ્ય આંધળાપણાનું કારણ આંખના પાછળના ભાગમાં આવેલ એક લાલ ફોલ્લો છે, જે આંખને સારી થવા દેતો નથી. આમ તો શરીરરચના વિશે કશું જ જાણતી ન હતી. એ ઉપરાંત તેએ જે અંગોનું વર્ણન કર્યું હતું એમને કુદરતી રીતે જોઇ શકાય એમ પણ ન હતા.

સંમોહિત વ્યક્તિ ના પોતાના આંખોથી જુએ છે કે ના પોતાના કાનોથી સાંભળે છે, તો પણ તે એક જાગૃત વ્યક્તિની જેમ ખૂબ જ સ્પષ્ટ રીતે જુએ છે અને સાંભળે છે. તે ફક્ત એ જ વસ્તુઓને જુએ છે ને સાંભળે છે, જેની સાથે એનો ઘનિષ્ઠ સંબંધ સ્થાપિત કરી દેવામાં આવે છે. જે વસ્તુ તરફ એની નજર મંડાય છે. જેની તરફ એનું ધ્યાન દોરવામાં આવે છે તે એ દરેક વાતમાં એ પ્રયોગ કરનારની વાતમાં જ પોતાને આધીન કરી દે છે. જેમાં એને કોઇ નુકશાન ના થતું હોય, જે લાભ અને તર્ક વિશે એની પોતાની માન્યતાની વિરૂદ્ધ ના હોય તો તે પોતાને તથા બીજી વ્યક્તિઓનાં શરીરનાં આંતરિક ભાગોને જોવા અને સમજવાની ક્ષમતા રાખે છે, પરંતુ તે સાધારણ રીતે એ અંગોની તરફ જ સંકેત કરે છે જે જે રોગગ્રસ્ત હોય છે અને કોઇ પણ શક્તિ એમની દૃષ્ટિને રોકી શકતી નથી. ક્યારેક એ સંમોહનકર્તાઓની ઇચ્છા પ્રમાણે પોતાની પીઠ પાછળની વસ્તુઓને જુએ છે અને ક્યારેક તે આંગળીઓનાં ટેરવાથી પણ જુએ છે.

એક વાર એક ડોકટરે પોતાનું ઘડિયાળ પોતાના હાથેથી કાઢી સંમોહિત યુવતીનાં માથાની પાછળ ત્રણચાર ઇંચના અંતર પર રાખીને પ્રશ્ન પૂછ્યો, તો આમતેમ જવાબ આપ્યા પછી એમે કહ્યું, "હું કોઇ ચોક્કસ વસ્તુ જોઇ રહી છું." એણે એ પણ કહ્યું કે તે કોઇ મજબૂત વસ્તુ છે. છેવટે એણે બિલકુલ સાચો સમય બતાવ્યો. ડોકટરે અનેક વાર કાંટો ફેરવીને સમય બદલ્યો અને એણે દરેક વખતે એ જ સમય બતાવ્યો. એક વાર એક સંમોહિત સ્ત્રીએ પ્રશ્ન પૂછ્યા વગર જ એક પુરૂષનો સ્પર્શ કરીને કહ્યું કે એના માથામાં દુ:ખાવો થઇ રહ્યો છે.

એક બીજા એક પાત્રે એવો એક પત્ર વાંચીને સંભળાવ્યો હતો જે અનેક સીલ કરેલા કવરની અંદર હતો. એક પાત્રને એક ભયંકર અકસ્માતને કારણે મગજ પર સખત આઘાત લાગ્યો હતો, જે કારણે એ બિલકુલ આંધળો થઇ ગયો હતો, પરંતુ સંમોહન કરનારના સૂચન પરથી એણે સંમોહિત અવસ્થામાં દૂર સુધી કોઇ પણ આધાર લીધા વગર ચાલીને બતાવી આપ્યું, એટલું જ નહીં, સેંકડો માઇલ દૂરનાં એવાં સાચાં વર્ણન કરી બતાવી શકતો હતો, જે એણે એની જિંદગીમાં કદી જોયાં ન હતાં. તે ઘણે દૂર આવેલી બંધ સંદૂકમાં જઇને એની અંદરની વસ્તુઓ જોઇને વર્ણન જ કરતો હતો. તે ફક્ત એનું વર્ણન જ નહોતો કરતો, પરંતુ સંદૂકમાં પવન ના આવવાથી જે ગૂંગળામણ થતી હતી એની પણ ફરિયાદ કરતો હતો.

એક વાર સંમોહનકર્તાએ એણે દરિયામાં પ્રવાસ માટે સ્ટીમરમાં જવાનું કહ્યું, એણે સમુદ્રનો પ્રવાસ કર્યો અને એણે એની અંદરની બધી વસ્તુઓનું વર્ણન કરતાં કરતાં સમુદ્રના ખારા પાણીના કારણે થતી માંદગીની પણ ફરિયાદ કરી. સંમોહિત અવસ્થામાં જે આશ્ચર્યજનક કાર્યો કરવામાં આવ્યાં છે અથવા જે કરી શકાય છે એની યાદ [illegible]ીએ તો ખૂબ લાંબી થઇ જાય એમ છે.